શ્રી ગણેશાય નમઃ

બોલતા હંસ.

નાટકના ગાયનો તથા ટુંકસાર.

રચનાર-મુન્સી મોહયુદ્દીન નઝ્મા,
શ્રી સરોજ નાટક સમાજ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

રમણલાલ લાલભાઈ
માલેક-શ્રી સરોજ નાટક સમાજ.
કોરોનેશન થીએટર—મુંબઈ.

આવૃત્તિ ત્રીજી] સને ૧૯૨૫ [પ્રત ૩૦૦૦

કિંમત ચાર આના.

॥ श्री गणेशाय नमः ॥

બોલતા હંસ

નાટકનાં ગાયનો અને ટુંક સાર.

રચના :—મુન્શી મોહયુદ્દીન નાઝાં.

શ્રી સરોજ નાટક સમાજ.

—०—

છપાવી પ્રસિદ્ધ કરનાર

રમણભાઇ લાલભાઇ

માલિક—શ્રી સરોજ નાટક સમાજ.

કોરોનેશન થીયેટર—મુંબઇ.

આવૃત્તિ ત્રીજી] સને ૧૯૨૯ [પ્રત ૩૦૦૦

આ નટવર પ્રિન્ટીંગ પ્રેસમાં ચુનીલાલ અમીચંદ ઝવેરીએ છાપી
સેન્ડહર્સ્ટ રોડ સંઘવી સદન—મુંબઈ

નાટકનાં પાત્રોનાં નામ.

પુરૂષ પાત્રો

વિનયબહાદુર—એક જાગીરદારનો પુત્ર.
જગદીશબહાદુર—વિનયબહાદુરનો પિત્રાઇ ભાઇ સામાજીક પરિષદનો મેમ્બર.
દુર્ગેશબહાદુર—વિનયબહાદુરનો પિતા
ઉમરાવબહાદુર—દુર્ગેશબહાદુરનો મિત્ર શારદાનો પિતા
બાલમુકુંદ—વિનયબહાદુરનો મિત્ર. પાછળથી પોલીસ ઇન્સપેક્ટર
કિશોર—એક આંધળો બાળક
ડોક્ટર.
દીવાનચંદ—એક ઝવેરી.
બેરીસ્ટર.
ફોકટલાલ—સ્ત્રીની કમાઇ પર અયશ કરનાર.
સીપાહી-ઝવેરીઓ-સાથીદારો-બદમાશો વીગેરે.

સ્ત્રી પાત્રો

શારદા—ઉમરાવબહાદુરની દીકરી બી. એ. માં પાસ થએલી વિનય બહાદુરની થનારી ધર્મપત્નિ
લજવંતી—એક નિરાધાર સ્ત્રી. જગદીશની દાસી, વિનયબહાદુરની આભારી,
નીલમ—ફોકટલાલની સ્ત્રી.
દાસીઓ નાચનારીઓ સખીઓ વિગેરે

ગુઝારિશ

પયવરત બહાર પહેલું હય અંદાઝ રકમકા,
અલ્ફાઝકે પયવંદમો બખીયા હય કલમકા.

નાઝેરીન ઈસ હીન્દી ડ્રામેકા નામ યાને "બોલતા હંસ" દેખકર આપ નઅજ્જુબ કરતે હોગે કો ઇસ નામંકા અસલી મનશા કયા હય ચુંકે યે એક સંસારી હિન્દી નાટક હય ઇસ લીયે મય હિન્દુ શાસ્રકે મુતાબીક ઝહનમે ઈસકા કુચ્છ ખુલાંસા કરતા હું.

હરેક મનુષ્યકા જીવન જ્ઞાનકે ક્ષીર સમુદ્ર સમાન હય ઔર ઉસકા પવિત્ર આત્મા એક "બોલતા હંસ" હય યદી વોહ ચાંહે તો ઉસ બોલતે હંસસે સભ્યતા મર્યાદા ઔર વિવેકકે પવિત્ર મોતી ખીલાયે યા અધમતા દુરાચાર ઔર નિર્દયતાકી વિષ્ટા. ઇસી વિષય પર ઈસ નાટકકી રચના કી ગઇ હય મુજે યકીન હય કે હિન્દુ સંસાર કે લીયે યે નાટક એક જીન્દા સબક હોગા પબ્લીકને મેરે ખીલે હુવે નાટક નુરેવતન. બાગે ઇરાન. કવમી દીલેર, સુલ્તાના ચાંદબીકી જો કદ્ર કી હય ઉસ પર ફખ્ર કરતા હું મુજે ઉમીદ હય કે ઇસ હકીર નાટકકો દેખકર મેરે કદરદાન ઉસી તરાહ કદર કરેંગે.

નાટક મજકુરકો દીલ ચસ્મ બનાનેમેં મેરે મહેરબાન મી. મોહનલાલજી ડાયરેકટર ઔર મી. દીનુભાઇ ચ હુલાલ મહેતા મેનેજર શ્રી સરોજ નાટક સમાજને જો મહેનત કી હય મેં ઉસકા તહે દીલસે શુક્રીયા અદા કરતા હું.

અપકા ખાદીમ

મુનશી નાઝાં દહેલ્વી.

બે બોલ.


બોલતા હંસ એટલે આત્માનો અવાજ. દરેક માણસનો આત્મા બોલતો હંસ છે સારૂ અગર ખોટું કોઈ પણ કામ કરતાં આત્મા રૂપી હંસ તરતજ બોલે છે. આત્માના અવાજને માન આપે છે તે સુખી થાય છે. આત્માના અવાજને અવગણનાર દુખી થાય છે. આ આ નાટકનો વિષય છે. આ નાટકથી કોઈનું પણ શુભ થાય તો લેખક મુન્શી નાઝાં સાહેબ તથા હું કૃતકૃત્ય થઈશું.

આ નાટક ફકત એકવીસ દીવસમાં લખાયું તેમજ તૈયાર થયું છે એટલા ટુંકા સમયમાં મુનશી નાઝાં સાહેબે જે તકલીફ ઉઠાવી લખી આપ્યુ છે તથા રા. દીનુભાઈ ચંદુલાલ મહેતા તથા રા. મોહનલાલજીએ રાત દીવસ જોયા વિના મને નિશ્ચીત રાખી જે મહેનત તથા જહેમતથી આ ખેલ નાખવામાં કામ કર્યું છે તથા મારા એક મિત્ર જેમણે મિત્ર ભાવથી સવારથી રાત સુધી નિઃસ્વાર્થે મને મદદ કરી છે. તેમનો ઉપકાર માનવામાં ગુજરાતી ભાષામાં મારી પાસે શબ્દો નથી.

આ નાટક ટુંકા સમયમાં તૈયાર થયેલુ હોવાથી અંદર ઘણી ખામી તથા ત્રુટીઓ રહી ગઈ હશે, મને આશા છે કે તમે ક્ષિરનીર વૃત્તિથી દોષો દરગુજર કરશો.

રમણભાઈ લાલભાઈ.

માલીક—શ્રી સરોજ નાટક સમાજ.



લતા હંસ નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રવેશ પહેલો.

કારનીવલનો દેખાવ.

જગદીશ બહાદુર જે (એક સામાજીક પરિષદનો મેમ્બર છે, અને વિનય બહાદુરના કાકાનો દીકરો). બે મવાલીયો સાથે પ્રવેશ કરે છે. મવાલીયોને કહે છે કે મારા કાકાનો દીકરો વિનયબહાદુર એહિંયાં આવનાર છે જો તમે આ કારનીવલમાં તેની સાથે મારામારી કરશો, તો તેની બદમાશીમાં વધારો થશે. બંને મવાલીઓ હા પાડે છે, જગદીશબહાદુર બંનેને એક હજારનો ચેક આપીને જાય છે, વિનયબહાદુર રેસકોર્સમાંથી હારીને દારૂના નિશામાં બાલમુકુંદ અને બીજા મિત્રો સાથે પ્રવેશ કરે છે. વિનયબહાદુર પોતાની હાલત પર અફસોસ કરે છે, કે હું કોનો પુત્ર છું? કયા વંશનો છું? પોતાના દુરાચાર ઉપર નફરત કરે છે, અને પોતાના ભાગ્યપર પશ્ચાતાપ

કરે છે. બાલમુકુંદ અને બીજા મિત્રો સાથે કારનીવલમાં જાય છે. ત્યાં રંગરાગમાં મશગુલ થાય છે અને પ્રેક્ષકોમાં ગુમગુમટો થય છે. જગદીશના મવાલીયો એક ગૃહસ્થ સ્ત્રીની છેડછાડ કરે છે, વિનયબહાદુર તે ગૃહસ્થ સ્ત્રીને મવાલીયોના પંજામાંથી બચાવે છે, બંનેની લડાંઇ ચાલે છે. મવાલીયો વિનયબહાદુરના હાથથી જખમી થાય છે. પોલીસ આવીને વિનયબહાદુર અને બાલમુકુંદની ધરપકડ કરે છે, ગૃહસ્થ કે જેની સ્ત્રીને વિનયબહાદુરે મવાલીયોના પંજાથી છોડાવી છે તે વિનયબહાદુરને પાંચસો રૂપીયાના જામીન પર છોડાવે છે.

પ્રવેશ બીજો.

રસ્તો.

લજવંતી જેને જગદીશ બહાદુર તેના માબાપને ત્યાંથી નોકરાણી તરીકે લાવ્યો છે. તેની પાસે પોતે અયોગ્ય માગણી કરે છે જગદીશ અને લજવંતીનો વાદવિવાદ થય છે. જગદીશ તેનું ગળું દાબીને મુર્છીત કરીને જાય છે. વિનયબહાદુરમાજી સ્ટ્રેટની કોર્ટથી સો રૂપીયા દંડની શીક્ષા મળી છે. તેની અફસોસીમાં આવે છે. લજવંતી યાને વિનયબહાદુરની સભ્યતામાં વાતચીત થય છે. વિનય લજવંતીને કંઇ રકમ

ખરચ માટે આપી જાય છે, લજવંતી વિનયનો આભાર માને છે.

પ્રવેશ ત્રીજો.

કોમીક

એક નીલમ નામની સ્ત્રી સોનેરી ટોળીની સરદાર હતી પોતે પવિત્ર રહી લોકોનાં ખીસ્સાં કેમ કાતરવાં એજ ધંધો લઇ બેઠી હતી તેના પતિ ફોકટલાલનો પણ એજ ધંધો હતો બન્નેની વાતચીત તથા બેરીસ્ટર તથા ડોકટર અને જવેરીનું એને મળવું. ત્રણેને બનાવી બેરીષ્ટરના પઇસા હજમ કરવા.

પ્રવેશ ચોથો.

દુર્ગેશ બહાદુર, વિનયબહાદુરના પિતાની વરસગાંઠનો દિવસ, દુર્ગેશ વિનયની યાદ કરીને દિલગીર થાય છે કે અમારો પુત્ર નહીં જન્મ્યો હોત તો ઠીક, ઉમરાવ બહાદુર તેનો મિત્ર તેને ધીરજ આપે છે. દુર્ગેશ બહાદુર ઉમરાવને વર્તમાનપત્ર દેખાડે છે જેમાં એમ લખ્યું છે કે

વિનયને કારનીવલમાં મારામારી કરવાથી સો રૂપીયા દંડ થયો છે. દુર્ગેશ પોતાના ભત્રીજા જગદીશને બોલાવીને કહે છે કે તું મારી મુઝફ્ફરાબાદની જાગીરનો સચો હકદાર છે. પ્રપંચી જગદીશ કહે છે કે આ જાગીર મારે શું કામની છે, છતાં પહેલાં વિનયને મળીને પુછું કે તેનો શું વિચાર છે? દુર્ગેશ તેને રજા આપે છે, જગદીશ જાય છે, શારદા જગદીશના હાવભાવથી ઓળખીને કહે છે કે એનાં લક્ષણ કંઇ ઠીક નથી દેખાતાં. આ વિનય બહાદુરનો કટો શત્રુ છે. દુર્ગેશને કહે છે કે હું વિનયને સીધા માર્ગ પર લાવવાના યત્ન કરીશ. થોડાક વાદવિવાદ પછી શારદા જાય છે.

પ્રવેશ પાંચમો.

ડોકટર ઠગબહેચુ બાર્જનું દવાખાનું

ડૉકટર બેરીષ્ટરને પરાણે ડોકટરે મેડ બનાવવો ત્યાં જવેરીનું આવવું, જવેરી ને ડોકટરની વાતચીત, નીલમે આવી ડોકટર તથા જવેરીના ઝવેરાતની ચોરી કરી પસાર થવું, ડોકટર જવેરીની આપસમાં લડાઇ.

પ્રવેશ છઠ્ઠો. ૧૪૯૮૫

સ્થળઃ જગદીશનો લાયબ્રેરી રૂમ.

જગદીશની પાસે આંધળો છોકરો કિશોર જેના બાપ જગદીશ બહાદુરને પાંચ મકાનનો ટ્રસ્ટી નિમી ગયો છે. તે આવે છે અને કહે છે કે ચાર પાંચ માસ વિત્યા તો પણ મારા ગુજરાનનું સાધન મળતું નથી. જગદીશ બહાદુર કહે છે કે તારા બાપનું જે કાંઇ દેવું હતું તે મેં તારી મિલ્કતમાંથી પતાવ્યું છે એટલે મારી પાસે કાંઈ નથી ! બિચારો આંધળો કિશોર કહે છે કે હું બધું જાણું છું કે તમે મારૂ મકાન વેશ્યાવિલાસમાં અને દારૂબાજીમાં ગુમાવ્યુ છે. હું મારી પોતાની ચિન્તા કરતો નથી પરન્તું મારી આંધળી માતાના માટેજ તમારી પાસે ભિક્ષા માગવા આવ્યો છું, પાષાંણ-હૃદયી જગદીશ તેની વાત ઉપર કંઇજ ધ્યાન આપતો નથી. કિશોર પોતાની આંધળી માતાને તેની સમક્ષ લાવે છે અને બતાવે છે. પરંતુ જગદિશ બહાદુર તેમની દયા ન ખાતાં તેમના ઉપર ઉલ્ટો ક્રોધાન્ધ બને છે અને તેમને મારવા ઉશ્કેરાય છે, એટલામાં આંધળા કિશોરના બાપનું ત્યાં પ્રેત દેખાય છે જગદિશ ગભરાય છે.

સીન ટ્રાન્સફર.

પ્રવેશ સાતમો

સ્થળઃ—ભોંયરાનો દેખાવ.

વિનય બહાદુર પોતાના મવાલી મિત્રો સાથે આવે છે અને કહે કે આ મકાન ઉપર પોલીસની ધાડ પડવાની છે તમે બધા હુશીયાર રહેજો એટલામાં એક માણસ આવીને ખબર આપે છે કે આ મકાનની આસપાસ એક બાઈરી ફરે છે આ ઉપરથી એમ સમજાય છે કે તે કોઈ છુપી પોલીસની વ્યક્તિ છે વિનયબહાદુર કહે છે કે, તેને ફસાવી કોઈ રીતે અહી પકડી લાવો. તે પેલી સ્ત્રીને પકડી લાવે છે અને ત્યાં બેઉ વચ્ચે કેટલોક માર્મિક સંવાદ થાય છે, તથા ત્યારબાદ શારદા જાહેર થઈ કહે છે કે હું તમારા પિતાના તરફથી આવી છું તમે ખાનદાન છો આ તમારી વર્તણુક ઠીક નથી, તમે મારી સાથે તમારા પિતાને ત્યાં ચાલો. વિનયબહાદુર કહે છે કે હું પાપસાગરમાં એવો ડુબી ગયો છું કે જેમાંથી કાલાન્તે પણ બહાર નિકળી શકીશ નહિ ! એમ તે પોતાના કૃત્યના દેખાવ તરીકે મનુષ્યોના હાડપિંજરો બતાવે છે. શારદા તેના આ કૃત્યોપર ધીટકાર આપે છે અને કહે છે કે તમે ચાહે ગમે તેવા હો પરન્તુ હુજ તમને સુધારી શકીશ ! વિનયબહાદુરને એટલું કહી જાય છે કે, તમારા કાકાના

દિકરા જગદિશબહાદુર તમારી મુલાકાતે આવશે પરન્તુ તમે તેના ફરેબમાં ફસાશો નહિ ! વિનયબહાદુર પોતાની બેદરકારી બતાવે છે એટલામાં આંધળો કિશોર ભીખ-માગતો માગતો ત્યાં આવે છે વિનય તેના પ્રતિ પ્રેમ દર્શાવે છે આંધળો કિશોર કહે છે કે, જગદિશબહાદુર જે સામાજિક પરિષદનો મેમ્બર છે તે સર્વ મારી મિલ્કતને હજમ કરી ગયો છે વિનયબહાદુર પોતાના કાકાની દિકરા પર અફસોસ કરે છે અને કિશોરને વચન આપે છે કે, હું તારા મકાનની કિંમત જગદિશબહાદુર પાસેથી અપાવીશ કિશોર રાજી થઈ આશિર્વાદ આપતો ચાલ્યો જાય છે. જગદિશબહાદુર અને વિનયબહાદુરની મુલાકાત, પરસ્પરમાં વાદવિવાદ. વિનયબહાદુર જગદિશબહાદુર પાસેથી દશહજારનો ચેક લખાવી લે છે કે, જેની રકમ કિશોરના મકાન જેટલી હોય છે.

ડ્રોપ



અંક બીજો

પ્રવેશ પહેલો.

સ્થળ-દુર્ગેશ બહાદુરનું મકાન.

ઉમરાવ બહાદુર દુર્ગેશને વાત કરે છે કે, શારદા વિનયબહાદુરને મળી હજુ કેમ નથી આવી? દુર્ગેશ બહાદુર કહે છે કે, તમારી દિકરીની ખબર પરમાત્માના હાથમાં છે. કારણ કે મારો પુત્ર વિનયબહાદુર એક કુવાં- ગાર છે. જગદિશ બહાદુર હજુ પણ સુધર્યો નથી અને સુધરવાની આશા પણ નથી. દુર્ગેશબહાદુર સોલિસીટરને બોલાવી પોતાની મીલકતનું વીલ જગદિશ બહાદુરના નામ ઉપર કરવા ચાહે છે એટલામાં શારદા આવીને રોકે છે અને કહે છે કે વિનય બહાદુર થોડાજ સમયમાં સુધરી જશે. જગદિશ અને શારદાનો વાદવિવાદ. શારદા વીનયબહાદુરને સુધારવા માટે છ માસની મુદત માગે છે. દુર્ગેશ બહાદુર એટલી મહેતલ આપીને જાય છે એટલામાં એ ખબર આવે છે કે હિન્દુસ્તાન બેંક ફેઇલ થઇ ગઈ અને ઉમરાવ બહાદુરના પચાસ હજાર રૂપીયા ગયા. ઉંમરાવ બહાદુરને શોક થાય છે ત્યાર બાદ જગદીશ બહાદુર ઉમરાવ બહાદુરને

કહે છે કે, જો તમે તમારી દિકરી શારદાનો વિવાહ મારી સાથે કરો તો તમારી સર્વ મુસીબત દુર થશે! ઉમરાવ બહાદુર કહે છે કે તે વાત શારદાને પુછ્યા પછી બની શકે!

પ્રવેશ બીજો.

સ્થળ-લજવંતીનું મકાન.

લજવંતી પોતાના સૌન્દર્યને ધિક્કારે છે કે, હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં વ્યભિચારી મનુષ્યો મારા તરફ કુદૃષ્ટિ કરે છે. એટલામા બાળમુકુંદ જે વિનયબહાદુરને એક બદમાસ મિત્ર હતો પરન્તુ અત્યારે એક ઇન્સપેક્ટર તરીકે પ્રખ્યાત છે તે લજવંતીને કહે છે કે, જગદીશ બહાદુરે તારા ઉપર ચોરીનો આરોપ મુકી વોરંટ કઢાડયું છે લજવતી તેને પોતાના બચાવ માટે વિનંતી પૂર્વક આજીજી કરે છે, ને પોતે નિર્દોષ છે એમ કહે છે બાળમુકુંદને તેની નિર્દોષતાની ખાતરી થાય થાય છે અને તેના પ્રાપ્તિ પ્રેમની લાગણી થાય છે,

પ્રવેશ ત્રીજો.

સ્થળ-લજવંતીનું મકાન.

પાગલ ડોકટરના પંજામાંથી નાસી છુટેલા બેરીષ્ટરનું આવવું, ડોકટરને મેડ હાઉસમાં મોકલવાના વિચાર

બેરીષ્ટરને દમ મરાવી રસ્તામાં ઉભો રાખી પોતે ચાલ્યા જવુ, બેરીષ્ટરનું પસાર થવુ, ફ્રોકટ તથા નીલમે એક સારા ગ્રહસ્થને ફસાવી ચાલ્યા જવું, ડોકટરે આવી ગ્રહસ્થને બેરીષ્ટર ધારી પકડી લઇ જવો.

પ્રવેશ ચોથો.

સ્થળ—મહેલ.

શારદા અને જગદીશની લગ્ન બાબત વાતચિત. શારદા તેના આચરણ જાણીને તેને ધીકકારે છે. જગદીશ આટલુ કહીને જાય છે કે ગમે તે પ્રકારે હું મારૂં ધાર્યું કરીશ. શારદા અને ઊમરાવ બહાદુરનો વાદવિવાદ.

પ્રવેશ પાંચમો.

સ્થળ—કાપડ મીલ.

લજવંતી અને કિશોર લુગડું પાથરી ભીક્ષા માગે છે મીલ મજુરો એક પછી એક પઇસા નાખતા નાખતા ચાલ્યા જાય છે. બે દારૂડીયા મજુર તેમના પઇસા લઇ લઇને શરાબ પીવા તઇયાર થાય છે. આંધળો કિશોર અને લજવંતી આજીજી કરે છે પરંતુ દારૂડીયાઓ બેદરકારી કરે

છે અને ચાલ્યા જાય છે કીન્તુ વિનય બહાદુર આવી તેમને પકડી લે છે અને તેમની વર્તણુક માટે બોધ કરે છે બંને દારૂડીઆ પશ્ચાતાપ કરતા ચાલ્યા જાય છે લજવંતી અને વિનયનું અસરકારક સંભાષણ. વિનય કિશોરને કહે છે કે મેં જગદીશ બહાદુર સાથે તમારા મકાનની કીંમતનો રૂપીઆ દશ હજારનો ચેક લખાવી લીધો છે. એટલા માટે તું અને લજવંતી મારા મકાને મુઝફ્ફરાબાદ ચાલ્યા જાઓ હું તમારા ખર્ચા માટે દર માસે રૂપીઆ મોકલીશ બંને કબુલ કરે છે.

પ્રવેશ ૬ ઠો.

કોમીક

સ્થળ રસ્તો.

બેરીસ્ટર ડાકટર તથા ઝવેરી ત્રણેનું પોતાની ચીજો માટે આપસમાં તકરાર.

પ્રવેશ સાતમો

સ્થળ વિનયનું મકાન.

વનય બહાદુર શુપ્તિમાં સ્વપ્ન જુએ છે કે જગદીશ બહાદુર મારા પિતાનુ ખુન કરે છે. શારદા તેનો હાથ પકડી રહી છે અને તેથી ગભરાઈ જાગ્રત થાય છે એટલામાં તેના બદમાસ મિત્રો એક શાહુકારને ફસાવીને લાવે છે વિનય બહાદુર જેના હ્રુદયમાં નીતિના અંકુર ફુટેલાં છે. તે પોતાના મિત્રોને કહે છે કે આજથી હું તમો સંર્વથી દુર થાઉં છું સર્વ જાય છે. બાલમુકુંદ ઇન્સપેક્ટર આવે છે અને વિનય બહાદુરને ખબર આપે છે કે તમને સજા થઈ છે બાલમુકુંદ જાય છે, વિનય બહાદુર તેમાં કહે છે કે મેં હમણા કાંઇક નીતિનો વિચાર કર્યો હતો તેમાં પણ આવુ સંકટ ! જેથી તેનો નિશ્ચય ફેરવી નાખી બાકીનું જીવન બદમાસીથી સમાપ્ત કરવા તઇયાર થાય છે એટલામાં શારદા આવે છે અને પાછી તેના દુષ્ટ વિચારોને ફેરવી નાંખે છે તેથી તેને નીતિમાન બનાવી પશ્ચાતાપ કરાવે છે અને વિનય પોતાના ઘરનો સર્વ સામાન બદમાસોને આપી દે છે.

અંક ત્રીજો

પ્રવેશ ૧ લો

સ્થળ: રસ્તો

મજુરો બેઠા બેઠા ઈશ્વર પ્રાર્થના કરે છે જેમાં વિનય બહાદુર પણ મજુરના વેશમાં હોય છે. જગદિશ બહાદુર ભાષણ સાંભળે છે અને કહે છે કે વિનયબહાદુર ક્યાંથી આવી ગયો ? બે બદમાસોને બોલાવે છે જગદીશ લજવંતી અને વિનયને ખુની ઠેરવી ફાંસીપર લટકાવવાના વીચારો કરે છે.

પ્રવેશ બીજો

સ્થળ ઝુંપડી

જગદીશ એક ગરીબનું ખુન કરી પેટ ચીરે છે પેટ ચીરતી વખતે ઘડીયાળ અને પરબીડીયું તથા ખંજર પડી જાય છે આંધળો કિશોર આવે છે જગદિશ ત્યાંથી નાસી જાય છે કિશોરને જગદીશની ઘડીયાળની ઠોકર વાગે છે કિશોર તેને ઊપાડી લે છે આ કોણ સુતુ છે એમ કહી

લજવંતીને બોલાવે છે. લજવંતી પ્રવેશે છે અને પરણીડીયુ જુએ છે ને બંને પોલીસની તપાસમાં જાય છે એટલામાં વિનયબહાદુર લજવંતીને મળવા માટે આવે છે ખંજર ઊઠાવી કહે છે કે, આ ખુન કોણે કર્યું છે? એટલામાં બાલમુકુંદ ઇન્સપેક્ટર આવીને વિનયબહાદુરને ગીરફતાર કરે છે બાલમુકુંદ પોતાનાં મિત્ર વિનયને પિછાણી દીલગીરી જાહેર કરે છે એટલામાં શારદા આવે છે બંનેનાં કરૂણાજનક ભાષણ.

પ્રવેશ ત્રીજો

કોમીક

સ્થળ રાજાના મહેલ.

ક્રોકટ તથા નીલમનું ચોરેલા માલ સાથે આવવું ત્યાં ડોકટર બેરીસ્ટર ઝવેરીનું આગમન પોતાની ચોરાએલી ચીજો મળવાથી આનંદીત થઇ ક્રોકટ નીલમને એમના કૃત્યની સજા

પ્રવેશ ૪ થો

સ્થળ લગ્ન મંડપ.

જગદિશ બહાદુર ઊમરોમ બહાદુર અને દુર્ગેશ બેઠા છે શારદાના જગદિશ સાથે લગ્નની તઇયારી બાલમુકુંદ આંધળો કિશોર લજવંતી વિગેરે આવે છે બાલમુકુદ મુદા માલ સાથે જગદીશ બહાદુરને ખુની ઠરાવે છે જગદીશ બહાદુર પોતાના કાળા કર્મોનો પશ્ચાતાપ કરી આપઘાત કરે છે વિનય અને દુર્ગેશ બહાદુરની મુલાકાત વિનય અને શારદાનાં લગ્ન.

આનંદ ! આનંદ !! આનંદ !!

ૐ

શ્રી ગણેશાયનમઃ

બોલતા હંસ

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

ઓમ નમન રવીકાર નિરંજન નીરાકાર
તું હય જગત દુઃખ ભંજન દીનદયાળ
સાગરે જડ ચૈતન્ય હર નામ જપેં ચારો પ્રહર
રીઝત સબ નારી નર ઓમ
કારજ સીધ્ધ હર પલ કર લાજ શરમ હમરી ધર
કૃપા કર નાજા પર. ઓમ

રામીશગર— ૧

સાકી હય અંધેરીયા છાયા ભરકે પીલાદે તુ સાગર
મેહફિલ ભરી હય દઔર ચલે અબ મસ્ત બનાદે તું હસકર
હાં કરદે બઝમેં રંગી મકતલ હો છુરીયોંસે તેઝ....નઝરે
બયઠે બિચારે હય આશીક પહેલુ બચાકે ન અબ તરસા....સાકી
હય તેરે મતવાલે બસ છલકે ઇનકે પ્યાલે,
જરા ઈનકે ગલેસે તો મીલાલે
બોસા ગલોકા દેકે અવઝ દિલલે........ ....સાકી

નીલમ ૨

હું કેસી અનોખી અલબેલી
નયના ખંજર હય દો ધારે મેરે
ચલતે મનુષ્યકો પલમેં મય ફાંસુ
હોશ છીનુ જાલમેં લાવું
જ્ઞાનિ હો યા મુરખ મય બસ મય કરૂં
આશીક સાદીક મુજ પર જો હો
વોહ બન જાય પાગલ ઓર દીવાને....કયસી

૩

નીલમ—કયસા ઉલ્લુ હય ફાંસા દે દે કયા દમ જાસા
પુરી અપની હુઇ આશા સીધા ગીરા હય પાસા
ફોકુટ—કયસી અચ્છી હય ખટપટ હીરે માનેક હય સળચ
મીલકે કયસા કીયા પટ ભુલા ઘરકી વોહ ચોખટ
નીલમ—પહેનુગી દીલ્હાંકી જરકી મય જુતી
ગલેમેં હોવે માલા હીરે ઓર મોતી
—ટમ ટમમે બયઠેં દોનો પુના રેસમેં જાયે
મોટર સાયકલમેં બયઠકે હવા પાલવે ખાયે
બોલે કરરર...પં....

મીશગર— ૪

બનાઓ બતીયાં હટો કાહેકો જુઠી..............બનાએ
વહી જાઓ અરે હાં..............(૨)
જહાં રહે સારી રતીઆં..........................હટો કાહેકો

શેર

સદા ફીરાક મેં હાલે ખરાબ રહેતા હું,
બહાલે ઈશ્ક મંય તુફાને ગમમેં બહેતા હુ
જફાઓ જોરકે સદમેં હજાર સહેતા હું
હમેશાં યાદ મેં ઉસકો યહા મંય કહેતા હું....વહી

શેર

તુમ અપના પ-તા ભલા મુજસે કયું છુપાતે હો
ખબર હય મુજકો જહાં તુમ જો રોઝ જાતે હો,
મય સદકે જાઉં મુજે કયું નહિ બતાતે હો
મજે જો ગેરાંસે મીલકર વહાં ઉડાતે હો
વહી જાઓ...........અરે હાં

શારદા ૫

સર્વ જગતકા મૂલ પ્રેમ હય શત્રુ જનમકા દાસ બને
હય નારી હર બંદ બંદ (૨) નેહ છેદ કાલકા ગર્વ હરે
લલના નહોતો કોઇ માનવ માંનબી પાએ નહિ

હય ધર્મ પાલન નીતિ જગમેં નારી જોડ નહિ કહીં
શ્રી પતિકા ધર્મ જ્ઞાન તિર્થ નહિં ઇસંકે સીવા
નહિ ખોફ ડુબી નાવકો અર્ધાંગના તારે સદા
અમૃતમય સંસાર બનાકર જીવન તત્વ અનંત ભરે-
હય નારીકા—

૬

ડાકટર—ડામીસ બનકર કયા ખડા હયે કટર મેરે લાકર દે
કહાં છુપાપાઇ કેપ વોડ મેરી સીધે હાથો તું ધર દે
દીવાન—નહી કી હયે મયને ચોરી કરતે હો કયોં સીના જોરી
મુજકો બદનામ કરતે હો તુમ જુઠે બીલકુલ હો
ડાકટર—વેલ ચપરાસી
ચપરાસી—જી જી જી
ડાકટર—તેજ કરલે નશતર તું લહુકી ધારે નીકલે ખુબ
દીવાન—કયા કરતે હય આપ મારા મેરે બાપ
રામીસગર—

૭

ઓ મોટરવાલેરે મોટરકો જરા રોક લે.
ઓ ગાડીવાલેરે, ગાડીકો જરા રોકલે

સાસુ મોરી બસમે નનંદ મોરી બસમેં
અલ્લા જાનેરે મેરે મૌલા જાનેરે,
જુવાની નહિ બસમેં—ઓ મોટર
નયના મોરે ફડકે યે જીયા મોરા ધડકે.
અલ્લા જાનેરે જોબન નહિ બસમે ઓ મોટર.
બીરહા રતીઆ બીતે યે બલમા નહિ પુછે.
અલ્લા જાનેરે.

કિશોર ૮

અય સિતમગર બાન તું અયસા ચલાના છોડદે,
અંધે પક્ષીકા અરે ઝાલીમ નિશાના છોડદે.
યાં જલે શમશાનમેં ઔર વા જલેગા નર્કમે
ઘર તુ મુંજ જયસે ગરીબોકા જલાના છોડદે
ફિર ન ઉભરેગા જગતમે ગર્કહી હો જાયગા
પાપ રખકર દિલમેં તું ગંગા નાહના છોડદે
તું મનુષ્ય હય તુજકો ઇશ્વરને બનાયા હો મનુષ્ય
બેશમેં શયતાન સુરત દિખાના છોડદે—અય

કિશોર ૯

નામ લીયા હરીકા જીસને તીન ઓરકા નામ લિયા ન લિયા
પશુ પક્ષી સભી જગ જીવનકો જીસને અપને સમજા ન સદા
કા પરિપાલન નિત્ય કીયા તિન વિપ્રદાન દિયા ન દિયા
જીન કામ કિયે પરમારથકે તનસે મનસે ધનસે કરકે
જગ અંદર ફિરત છાય રહી દીન ચાર વીષેયા જીયા ન જીયા.

નામ લીયા,

બીજલી-- ૧૦

આઇ મદન કે બાગ કયસી બહાર (૨)
જોબનકી ડાલીમેં ફુલ હય હજાર
યે ગોરે ગાલપે લટકી હંય ઝુલફે........(૨)
અણૃહય દોનો જયસે તલવાર........જોબન.
કાયા સોહામણી જયસે ફુલ પંખડી
ભીની ભીની શ્વાસમેં ખુશબુ હરબાર........જોબન.

આઇ.

૧૧

ફોકટ—-ગુજરેગી અબ ચયનસે હય માલકી થેલી પાસમેં ભરી
પ્યારી જીતી હય કયા બાજી
નીલમ-હોગી હર અયશકી બાત બને ગાદીવાલી દીન ઓર રાત
મૌકા મજેદાર યહ મીલગયા ટલ ગઈ સારી ઘાત
ફોકટ-એકકા સર મુંડ લીયા સર ઔાર લગે કોઇ હાથ
કોઈ જીયે યા મરે અય પ્યારી પર હો સુનહરી બાત

કિશોર ૧૨

હરી નામ સુમર હરીનામ સુમર હરીનામ સુમર
પસ્તાયેગા; હરી.

માનુશ કાયા દુર્લભ પાયા,
પલક ખીચ ચલજાયેગા.
માલ ખજાના સંગ ન જાના
લોક લુટકર આયેગા, હરી નામ સુમર
સુત પરિવારા બંધવ પ્યારા
અંત કામ નહિ આવેગા. હરી નામ સુમર
પછતાયેગા-

૧૩

ડાકટર–કુ-તે બિલ્લે કયસે ફાંસે એકહી ફંદેમેં
બેરીષ્ટર–માર ખાઉં મય કબ તક તાકત નહિ બંદેમેં
દીવાન–હાય હાય હાય કમર ટુટે છકકે છુટે મેરે
 લગેગા જુતા સરપે તેરે અભી ઉતરેગા બુખાર
 તેરા નીકલેગા આચાર એક દો તીન ચાર
બેરીષ્ટર–મારા મુજકો ઠાર
દીવાન–તુ હય બડાહી મકકાર
ડાકટર–બીકવાઈટ યુ સાઇલન્સ ચુપ રહો ગવાર
 સભી હો જાનવર જંગલી
 કુદો કુદો ડેન્સ કરો ચલો ચલો સીધે ચલો
 વર્ના કરદુંગા મય ભુરતા
બેરી–દીવાન–કીયા સત્યાનાશ તેરા જાય સત્યાનાશ

મજુરો ૧૪

જપે સબ એક ઇશકા નામ દેત રંકકો માન
વોહી હરએક આન ઝ્યારકે નયનસે સબકુ કાજ પરેખ

હાથ ધરે બેઆશ જાનકે હર જાતીકા ધ્યાન જપે
હિંદુ મુસલમાન પ્રેમસે નીશદીન ઉસકા નામ ભજે
પાર કરે વો નાવ કષ્ટસે વો કૃપાનધાન,—જપે.

૧૫

નીલમ-મન મંદીરમેં મોહન હો પ્યારે રંગીલે તુમ છયલા
પૂરે પ્રેમ કે હો પ્યારે રસીયા મુખડા કયા હય અલબેલ
ફોકટ-મોહની સુરત તેરી મિંહની બનવટ
નયનોમે બસી હય અંગકી બનવટ
નીલમ-રહદય બીહારી જાઉં વારી કયસી કારી બરછી મારી
ફેકટ-મનહર નારી બલીહારી તુજ પર પ્યારી

૧૬

સબ-ચોરી પકડી ભારી થુ થુ થુ ઓ નારી
નીકલેગી શેખી સારી પુલીસ ચોકી ચલો આજ
નીલમ-તુમ માફી બક્ષો ભાઇ ટલો જો આફત આઈ
ફોકટ-બડી મારભી ખાઇ બના બેહદ મય સૌદાઇ
સબ-રહે ચુપ ચુપ પાજી ઓ મવાલી સુરત હો ગઇ કાળી
ડાકટર-ખુબ ભુરકસ હુંવા ખુબ જુતા પડા
ખુબ તોફા મીલા ખુબ પાઈ સજા

૧૭

ધપધ મપ ગમ નીધ રે ગમપ રે
સારે સાની ધની સાગ મધ નીસા
ગગરે સાનીધ પમગમ નીધપમગરેસા....ધપધ
સાગ મધ મધનીસારે સાનીધનીસા
ધનીરે નીધ નીધ નીધપમગમ નીધ નીધ
પમગમ ગરેસા........ધપધ....

સમાપ્ત

